# કાલસર્પ

'નામ?' છોકરાએ કહ્યું.

'શતતારકા શુકલે.' છોકરીએ કહ્યું.

'મારું નામ આયુષ્યમાન ધ્રુવ.' છોકરાએ જણાવ્યું.

'મેં પૂછ્યું નથી.' છોકરીએ સ્પષ્ટતા કરી.

સ્થળ છે એક એરકંડિશન્ડ ટ્રેન. જે સીધી સડસડાટ જવાની છે અલકાપુરીમાં, ઇંદ્રના દરબારની વચ્ચોવચ્ચ. અર્થાત્, કલ્પન્તરો સુધી દોડ્યા કરવાની છે. તો, છોકરો અને છોકરી વાતો કરે છે.

'શતતારકા? એને ટૂંકમાં શું કહી શકાય?'

'શી જરૂર?'

આયુષ્માન ચૂપ થઈ ગયો.

ટ્રેનની બારીમાંથી સૂર્યબિમ્બ ટ્રેનની ગતિની સાથે નૃત્ય કરતું હતું. એમાં ત્રસરેણુઓનો ધોધ, કિરણોની પાછળ દોટેદોટે દોડતો હતો. પ્રહરો, ઋતુઓ પછી છોકરાએ કહ્યું :

'મારા પિતાનું નામ છે, પુનર્વસુ ધ્રુવ.'

'શોભન શુક્લ.'

'એ કોણ?' છોકરાએ પૂછ્યું.

'મારા પિતા!' છોકરીએ કહ્યું.

બે 'પરમાણુ'ઓના સંયોગથી એક 'અણુ' બને છે. ત્રણ અણુઓના સંયોગથી એક 'ત્રસરેણુ.' ટ્રેનની બારીના બિમ્બમાં જે કણ ઊડ્યા કરે છે, તે ત્રસરેણુ. એવા ત્રણ ત્રસરેણુઓને પાર કરવામાં સૂર્ય જે સમય લે તે સમય, એક 'ત્રુટિ.'

'વાહ! અદ્‌ભુત સંયોગ છે.' આયુષ્માને ઉત્સાહથી કહ્યું.

આયુષ્માન છોકરી તરફ જોઈ રહ્યો. છોકરી ત્રસરેણુઓ તરફ આયુષ્માન ત્રણરેણુઓ તરફ જોવા લાગ્યો. ગણવા માંડ્યો, મનોમન, ત્રણ, ને ત્રણ છ, ને ત્રણ નવ... ત્રસરેણુઓ ઊડતા હતા, દોડતાં, ગોળગોળ ફરતાં, બદલાતાં, પાછળ રહી જતાં, પરસ્પર અથડાતાં; આયુષ્માનને થયું, ત્રસરેણુઓનું ઘર ક્યાં હશે? ટ્રેનમાં શા માટે આવ્યા હશે?

'શતતારકા... શોભન... શુકલ.' આયુષ્માને ફરી છોકરી તરફ જોઈને કહ્યું, 'તમને ખ્યાલ નહીં હોય, પણ ત્રણે શબ્દો આકાશને લગતા છે.'

'ખરેખર?'

'હા!' આયુષ્માને ઉત્સાહથી કહ્યું.

'અને આયુષ્માન, પુનર્વસુ ધ્રુવ, એ ત્રણ પણ!'

'ત્રણે આકાશને લગતા?'

છયે છ!'

છોકરી ચૂપ રહી, છોકરો ચૂપ હ્યો. એવી સો ત્રુટિઓનો એક 'વેધ', ત્રણ વેધનો એક 'લવ.'

'શતતારકા' નક્ષત્રનું નામ છે.' આયુષ્માને કહ્યું.

'ઓહ! મને તો એમ કે રૉકેટનું હશે.' શતતારકાએ ક્હયું.

'અને, 'શોભન' તથા 'શુકલ' યોગોનાં નામ છે.'

'એમ!' છોકરીએ આંખો બંધ કરી.

ટ્રેને એકાએક વળાંક લીધો. તડકો ખસતો ખસતો છોકરીની આંખો તરફ આવ્યો. એના વાળ ઉપર લસરતો લસરતો આખરે પોપચાં ઉપર પહોંચ્યો. એવી એક આંખ પાર કરે, તે એક 'યુગ'. કે એક 'જન્મ'.

એરકંડિશન્ડ ટ્રેનની મખમલી સીટો શતતારકાના માંસને જકડીને બેઠી હતી. એના માથા નીચેનો સીટનો ગોળ લાલ તકિયો ટ્રેનની ગતિમાં ધ્રૂજતો હતો. શતતારકા પારણામાં સૂતી હતી. પારણાની ગતિ શતગણી વધુ હતી અને ડોલતું અંતર શતગણું કમ. શતતારકાના છૂટા કોરા વાળ ધીમે ધીમે ધ્રૂજતા હતા. એનું નાક તડકાના હાથ ઉપર અદશ્ય આકૃતિઓનાં છૂંદણાં ગોદંતું હતું. - ટ્યૂનિંગ ફોર્કના પાંખિયાની જેમ શબ્દાતીત સૂરો વગાડતું હતું. એવા ત્રણ વેધનો એક લવ. ત્રણ લવનો 'નિમેષ'. ત્રણ નિમેષની એક 'ક્ષણ'.

' 'શતતારકા'ના બે પર્યાયો છે, તમને ખબર છે?' આયુષ્માને સૂર્યના હાથને ઉદ્દેશીને કહ્યું.

શતતારકાએ તડકા આડે 'ફેમિના' રાખી આખ ખોલી, એક આંખો ખોલી, આયુષ્માન તરફ જોયું. કહ્યું :

'અને આયુષ્માનનો એકેય નહીં?'

'શતતારકાના પર્યાયો છે-' છોકરાએ શરૂ કર્યું.

'શતતારા' અને 'શતભિષા', છોકરીએ શરૂ કર્યું.

' 'શતતારા' અને 'શતભિષા, છોકરીએ પૂરું કર્યું.

'ઓહ! તમને ખબર છે?' છોકરાએ પૂછ્યું.

શતતારાની ખૂલેલી એક આંખ ફરી બિડાઈ ગઈ. બારીમાંથી અમલતાશનું રણ હરણફાળે દોડતું હતું. ત્રણ નિમેષની એક ક્ષણ-પાંચ ક્ષણોની 'કાષ્ઠા' - પંદર કાષ્ઠાઓનો 'લઘુ'. શતતારાની પાંપણના ત્રણ વાળ પાર કરી સૂર્યકિરણ સીધી ગતિમાં આયુષ્માન તરફ તરવા લાગ્યું. ત્રસરેણુઓ ઘૂમરી ખાતા ખાતા આયુષ્માનના કાનમાં જવા લાગ્યા. તડકો આયુષ્માન ઉપર છવાઈ ગયો. છોકરીએ પારદર્શક કાચ ઉપર વાયોલેટ કાચ પાડી તડકાને ગાળી નાખ્યો. સંયોગથી તડકો બંનેના મોં ઉપર પડતો હતો. વાયોલેટ કાચમાં તડકાના કેનવાસ ઉપર ઊપસતાં, ધ્રૂજતાં વિભીષણ પ્રેતની જેમ બંનેનાં તેજસ્વી પ્રતિબિંબ છોકરા અને છોકરીની સાથે સાથે એરકંડિશન્ડ ટ્રેનની મખમલી સીટ ઉપર અડોઅડ માથાં ટકવીને ઈન્દ્રપુરીના માર્ગે અપ્સરા, યક્ષો, કિન્નરોનાં આહ્વાનથી અગ્નિના રથ ઉપર સૂર્યમુખીની ડોક મરડી ઈર્ષાથી લાલ બનેલી અમલતાશની આંખ બચાવી પલાયન થતી ટ્રેનમાં છેલ્લી ક્ષણોથી કાલગણના કરતાં હતાં. બંનેનાં તેજસ્વી પ્રતિબિંબ.




ટ્રેન ખડકડાટ હસતી હતી. દૂર નીચેની ખીણમાં કોઈ એક છોકરી આસોપાલવની ડાળ ઉપર હીંચકા ખાતી ટ્રેનના ખડખડાટ હસતા દાંત ગણતી હતી.

'આયુષ્માન' યોગનું નામ છે. 'પુનર્વસુ' નક્ષત્રનું. આયુષ્માને વાયોલેટ પ્રતિબિંબને કહ્યું. શતતારાએ આંખ ખોલી પૂછ્યું : 'અને 'ધ્રુવ'?'

'એ... એક યોગનું.'

'યોગ અને આકાશને શો સંબંધ?' એક જ આંખ ખુલી રાખી શતતારા બોલતી હતી. છોકરીની આંખ જોઈ છોકરાને થયું, 'મૃગશીર્ષ' પણ નક્ષત્રનું નામ હતું.

'સૂર્ય અને ચંદ્ર વચ્ચેના' અંતરની સત્તાવીસ વિભિન્ન સ્થિતિઓ તે સત્તાવીશ યોગ.'

' 'અંતર'ના નામ 'યોગ' હો તે વિચિત્ર નથી?'

' 'શુકલ' અને 'ધ્રુવ' બંને યોગ છે.' છોકરાએ કહ્યું.

'યોગાનુયોગ.' છોકરીએ કહ્યું.

પાંચ ક્ષણોની કાષ્ઠા. પંદર કાષ્ઠાઓનો એક લઘુ. પંદર લઘુઓની 'નાડિકા.' ટ્રેન હસતી હસતી એક પુલ ઉપર ચડી ગઈ. એનું હાસ્ય પુલ ઉપર અટ્ટહાસ્ય બની ગયું. વાયોલેટ રોશનીના એરકંડિશન્ડ વાતાવરણમાં અટ્ટહાસ્ય ઢોલની જેમ વાગ્યું. ઢોલના એકવિધ તાલની સાથે સાથે શતતારાનું નાક મયૂરનૃત્ય કરવા લાગ્યું. પુલ પૂરો થતાં ટ્રેન શાલીનતાથી ઈન્દ્રના દરબારની દિશામાં ઊડવા લાગી. ફર્લાંગના પથ્થરો, તારના થાંભલા સૂર્યકિરણની જેમ પાર કરતી ટ્રેન ત્રુટિ, વેધ, લવ, નિમિષ, ક્ષણ, કાષ્ઠા, લઘુ, નાડિકા, પ્રહરને આરપાર વીંધી સંધ્યાના સિન્દૂરના સમુદ્રમાં ડૂબકી મારી રાત્રિના માયાવી સ્ટેશને ઊભી રહી, હાંફતી હાંફતી. અને આકાશમાં તારાઓ એને જોવા ભેગા થઈ ગયા.

'કંઈક ખાઈ લેવું છે?'

'ના. તું ખાઈ લે ને.'

'મને ભૂખ નથી.'

'તો ટિફિન શા માટે લીધું?'

'મને એમ કે તને ભૂખ લાગશે.'

'મને નીંદર આવે છે.' છોકરીએ આંખ બંધ કરી દીધી.

'મારે વાંચવું છે.'

'તારી ચોપડીઓ મેં લીધી જ નથી ને.' છોકરીએ આંખ બંધ કરી કહ્યું. છોકરાએ આંખો બંધ કરી.

છોકરો અને છોકરી બંધ આંખો રાખી, જાગતાં સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી અને સ્વર્ગના વિચારમાં બોલ્યા વિના વાતો કરતાં હતાં. તારાઓનું આખું ગામ એમની પાછળ પાછળ ચાલતું હતું. આઠ પ્રહરના એક 'દિવસ' અને એક 'રાત.'

'અત્યારે કયો યોગ હશે?' છોકરીએ એક આંખ ખોલી પૂછ્યું.

'પ્રીતિ,' છોકરાએ બંધ આંખે જ કહ્યું, 'પ્રીતિયોગ'. છોકરી ટ્રેનની જેમ હસી પડી. છોકરાએ કહ્યું : 'સાચું કહું છું, 'પ્રીતિ' યોગનું નામ છે.' અને આંખો ઉઘાડી ફરી બંધ કરી દીધી.

કમ્પાર્ટમેન્ટની બત્તીઓ ઠરવા લાગી. બીજા મુસાફરો ઘેનમાં ઢળી પડ્યા. છોકરો અને છોકરી પ્રહરો પાર કરતાં હતાં. કૃષ્ણપક્ષના આકાશને સોંસરવી નીકળતી ટ્રેન, કિલકારી કરતું તારાઓનું મુગ્ધ ઝૂંડ, પાછળ દોડતો અલ્પમુખ ચંદ્ર. પંદર દિવસ અને પંદર રાતનો એક 'પક્ષ'. 'કૃષ્ણપક્ષ' 'શુકલપક્ષ'. એવા બે પક્ષોનો એક 'માસ'. બે માસની એક 'ઋતુ'. એવી ત્રણ ઋતુઓનો એક 'અયન.' 'દક્ષિણાયન', 'ઉત્તરાયણ.' આ અયનો તે દેવોના દિવસ અને રાત. એવા બે અયનોનું એક 'સંવત્સર.'

'આ ક્યું સંવત્સર ચાલે છે?'

'પરિધાવીનામ સંવત્સર.' અને પછી 'રુધિરોદ્ગારીનામ સંવત્સર.' અને પછી 'રક્તાક્ષીનામ સંવત્સર.'

બંધ આંખે છોકરો અને છોકરી પરસ્પરને જોતાં હતાં. બંધ મોંએ પરસ્પરને કંઈક કહેતાં હતાં. નાઈટ લેમ્પની આસમાની રોશનીનો અંબાર ઢોળાતો હતો બંને ઉપર.

પૃથ્વીનો સૂક્ષ્મતમ અંશ તે પરમાણુ. જે સૂક્ષ્મતમ પણ છે અને મહત્તમ પણ. અને મહાકાલ એવા સૂક્ષ્મતમ પરમાણુમાં વ્યાપ્ત છે. જે પરમ સૂક્ષ્મ છે, જે સૃષ્ટિની ઉત્પત્તિથી પ્રલયપર્યંત વ્યાપ્ત છે અનેપરમ મહાન છે. એવા બે પરમાણુઓના સંયોગથી એક અણુ બને છે અને ત્રણ અણુઓનો ત્રસરેણુ. અને ત્રણ ત્રસરેણુઓને પાર કરવામાં સૂર્ય જે સમય લે તે એક ત્રુટિ. દિવસ અને રાતની એવી સત્તર અબજ ઓગણપચાસ કરોડ સાઈઠ લાખ ત્રુટિઓ એટલે એક સેકંડની બે લાખ બે હજાર પાંચસો ત્રુટિઓ. અને એરકંડિશન્ડ ટ્રેનમાં આકાશ-આકાશની રમત રમતાં રતિકામી પતિપત્ની, છોકરો અને છોકરી, અલકાપુરીના આંગણમાં ઈન્દ્રના પ્રતિહારીઓની આંખો આંજી, યક્ષો, કિન્નરો, અપ્સરાઓના આહ્વાનથી પરસ્પરના હાથ પકડી જઈ રહ્યાં છે ઊંચે, ને ઊંચે કર્કના ચંદ્ર વિષે આશ્લેષા નક્ષત્રના અંતિમ ચરણમાં. દેવો ફૂલની વૃષ્ટિ કરે છે. દિશાઓમાં સ્વાગતનાં દુંદુભિ ગાજી ઊઠે છે. છોકરા અને છોકરીની ફૂલશય્યા ઉપર ભગવાન મન્મથ આશીર્વચન ઉચ્ચારે છે અને મહાકાલ અસૂયાથી વક્ર નજરે જોઈ રહે છે. રાહુ સાતેસાત ગ્રહોને પોતાના પછી એકએક રાશિના અંતરે એકએક બબ્બે ગોઠવી મીન-રાહુ કન્યા-કેતુના વિભીષણ કાલસર્પનો ફાંસો નાખી એરકંડિશન્ડ ટ્રેનને પાટા ઉપરથી ઉપાડી અધ્ધર આકાશના ધુમ્મસમાં પ્રક્ષેપી મત્સરથી હસે છે.

ટ્રેન દોટેદોટે દોડે છે. ઊડે છે. સ્થગિત રહી પરિધાવન કરે છે. કે વાદળોનાં કોતરો, નક્ષત્રોનાં વેરાન ક્ષેત્રો, સૂર્યચંદ્રની કલા-વિકલાનાં બિમ્બોની ભુલભુલામણીમાં ફરતી ફરતી દિક્-કાલના મણકા વીંધી ઈન્દ્રધનુના પુલ પર ચડી ખડખડાટ, ખડખડાટ અટ્ટહાસ્ય કરે છે. એનાં પૈડાંમાંથી બિલોરી તણખા ઝરે છે. એના એંજિનમાંથી સોનેરી ધુમાડો, એની સીટીમાં કોકિલનું ગાન, એના હાંફતા શ્વાસમાંથી પ્રીતિયોગમાં લીન બે યુવાન નાડીઓના રક્તસંચારનો શબ્દ પકડાય છે અને કિન્નરો દિશાના દાંડિયા લઈ વગાડે છે. સાત ગ્રહોનું જલતરંગ. આકાશગંગાનાં પૂર બ્રહ્માંડને પ્લાવિત કરે છે. સૂર્યને ઠારી, ચંદ્રને આકાશી છીપમાં પૂરી મોતી બનાવી તારાઓના લખોટાથી બ્રહ્માની સાથે જૂગટું રમે છે. મહાકાલની હોડ બોલી બ્રહ્મા હારે છે અને કાલ, એરકંડિશન્ડ ટ્રેનનાં શતશત ચક્રો નીચે શીર્ષ નમાવી આત્મહત્યા કરે છે - એના ખણ્ડ ખણ્ડ, દણ્ડ, ઘડી, પળ, વિપળ, કાષ્ઠા, નિમેષ, લવ, વેધ અને ત્રુટિઓમાં વિભક્ત થઈ ત્રસરેણુઓમાં સંતાઈ જાય છે. એવા ત્રણ ત્રસરેણુ સૂર્યના પહેલા કિરણ સાથે વાયોલેટ બારીના કાચ પર ઉપર સતત ટકોરા મારી સૃષ્ટિને જગાડે છે.

છોકરો અને છોકરી ફરી આકાશ-આકાશની રમત આદરે છે :

'નામ?' છોકરાએ પૂછ્યું.

'આર્દ્રા સાધ્ય.' છોકરીએ કહ્યું.

'મારું નામ કિંસ્તુઘ્ન.'

'કિસ્તુંઘ્ન શું?'

'કિસ્તુઘ્ન વજ્ર.' છોકરાએ કહ્યું. 'કિસ્તુઘ્ન કરણનું નામ છે અને વજ્ર, યોગનું.'

*('આરપાર વાચનઘર' અંતર્ગત પસંદગી પામેલા પુસ્તક, સુવર્ણા રાય સંપાદિત 'મધુરાયની શ્રેષ્ઠ વાર્તાઓ....'માંથી સાભાર)*